PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૧/કવા–૦૩/૧૬–૧૭/ ૧૦૨૪૦ તા. ૧૧-૧૧-૧૬

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
દેવજીભાઈ ઘનાભાઈ જાદવ,
સ્વ. ઘનાભાઈ હિરાભાઈ જાદવ ના વારસદાર,
રહે. જાલીયા દેવાણી,
તા.ધ્રોલ,
જી: જામનગર
મો: ૯૯૧૩૧૩૮૮૪૩

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૩–૧૦–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૧/કવા–૦૩/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૩.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ધ્રોલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No:- 06 (A)

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૧૧/ક્વા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીગ તા.૦૯–૧૧–૧૬ | સ્થળ :–જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: દેવજીભાઈ ઘનાભાઈ જાદવ, ગામ: જામનગર,

રજુઆત કરનાર : અરજદાર શ્રી દેવજીભાઈ ઘનાભાઈ જાદવ હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ધ્રોલ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)

રજુઆત કરનાર :એન.પી.શાહ, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચાઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૧૯૪૨/૦૦૩૯૬/૦ (મીટર ટેરીફ–૧૫ હોપા) મા પીજીવીસીએલ તરફથી, તા.૨૯–૦૬–૧૫ ના રોજ સર્વિસ વાયર બદલાવવામા આવેલ હતો, અને નવુ મીટર પણ બદલવામા અ ાવેલ હતુ. નવા લગાડવામા આવેલ મીટર મા, શરૂઆતના ૦૩ દિવસો મા, ૫૭,૩૨૨ છેલ્લા રીડીગ મુજબ નો વીજવપરાશ નોંધાયેલ હતો. જેથી, સદર મીટર બદલાવવાની રજુઆત કરતા, પીજીવીસીએલ તરફથી સદર મીટર, જેતા.૨૯–૦૬–૧૫ ના રોજ બદલાવી અને નવુ મીટર લગાડવામા આવેલ હતુ. અને સવાલવાળુ મીટર લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ, અને ઓકે જાહેર કરાયેલ હતુ. પરંતુ, સદર મીટર લગાડયા તારીખ ના શરૂઆતના રીડીગ તારીખ ના આખરી રીડીગ બાબતે કોઈ સ્પષ્ટતા થયેલ ન હોય, આ બાબત અરજદાર ને યોગ્ય અને વ્યાજબી જણાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંઘાને, પીજીવીસીએલ તરફથી સ્પષ્ટતા કરતા, ફોરમ કમિટી ને જણાવવામા આવેલ છે કે, અરજદાર શ્રી ના ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૧૯૪૨/૦૦૩૯૬/૦ (મીટર ટેરીફ–૧૫ હોપા) નુ, સવાલવાળુ સીમકો કંપની નુ મીટર નં.: ૩૩૦૨૨૧૨૦૮૬, જે છેલ્લા રીડીગ ૫૭૩૨૨ થી, પર્ફોમા –૧૫ નંબર: ૫૦૪૨૮, તા.૨૯–૦૬–૧૫ ના રોજ ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. તેમજ, નવુ જીનસ કંપની નુ મીટર નંબર: ૫૭૬૧૮૫, જે શરૂઆતના ૦૦૦૦૦ રીડીગ થી લગાડવામા આવેલ હતુ. ત્યારબાદ, તા.૨૧–૦૮–૧૫ ના રોજ, અરજદાર શ્રી ના સ્થાપન પર નુ સવાલવાળુ સીમકો કંપની નુ મીટર નં.: ૩૩૦૨૨૧૨૦૮૬, જે અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, '' ટેસ્ટ બેન્ચ પર ચડાવી અને ચકાસણી કરવામા આવેલ હતુ '' જે ચકાસણી દરમ્યાન મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ, અને તેમા, છેલ્લા રીડીગ ૫૭૩૨૨ નોંધાયેલ જણાયેલ હતા. આમ, મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હોય, તેમા નોંધાયેલ યુનીટ પણ જોડાણ મા થયેલ વીજવપરાશ મુજબ ના જ છે. |

| | |
|---|---|
| **૨.૨** | અરજદાર શ્રી ના સદર જોડાણ ના બીલીગ ખાતાનુ પી.આર.ટી.–૧૪૫ ચકાસણી કરવામા આવતા, ૧૫ હોપા ના કરારીત વીજભાર વાળા આ જોડાણ મા માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૫ મા '' ૦'' યુનીટ, એપ્રીલ – મે –૧૫ મા '' ૦ '' યુનીટ નુ બીલીગ થયેલ છે. ત્યારબાદ, માહે જુન–જુલાઈ –૧૫ ના સમયગાળા મા, મીટર ઉતાર્યા તા.૨૯–૦૬–૧૫ ના રોજ ની સ્થિતીએ ૫૭૩૨૨ જણાયેલ છે. આમ, જુના મીટર મા જણાયેલ ૫૭૩૨૨ છેલ્લા રીડીગ, તેમજ અગાઉ માહે ડિસેમ્બર–જાન્યુઆરી –૧૫ ના વાસ્તવિક બીલીગ સમયે જણાયેલ છેલ્લા રીડીગ ૪૭૬૮૦ વચ્ચે ના તફાવતીય એવા ( ૫૭૩૨૨ – ૪૭૬૮૦= ૯૬૪૨ યુનીટ, તથા નવા મીટર મા નોંધાયેલ ૧૯૧૦ યુનીટ, એટલેકે ૯૬૪૨ + ૧૯૧૦ = ૧૧૫૫૨) ૧૧૫૫૨ યુનીટ નુ જે માહે જુન–જુલાઈ –૧૫ નુ બીલ આપવામા આવેલ છે, તે બીલ ના, જુના મીટર ની વપરાશ, જે ૯૬૪૨ યુનીટ, જે માત્ર જુન–જુલાઈ –૧૫ ના ૦૨ માસ ની નથી, પરંતુ ફેબ્રુઆરી–૧૫ થી જુલાઈ–૧૫ સુધી ના ૦૬ માસ ની છે. આમ, સદર ૯૬૪૨ યુનીટ, જે માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૫ અને એપ્રીલ – મે –૧૫ ના બીલીગ સમયગાળા ના ચડત/પડતર યુનીટ, તેમજ જુન–જુલાઈ–૧૫ ના વીજવપરાશી યુનીટ, એમ કુલ ૦૬ માસ ના વીજવપરાશી યુનીટ છે. અરજદાર શ્રી ના સદર, ૧૫ હોપા ના વીજભાર વાળા જોડાણ મા, તા.૨૯–૦૬–૧૫ ના રોજ લગાડવામા આવેલ નવા જીનસ કંપની નુ મીટર નંબરઃ ૫૭૬૧૮૫ મા, તા.૨૯–૦૬–૧૫ થી તા.૧૩–૦૮–૧૫ સુધી ના, ૪૫ દિવસો મા, નવા મીટરમા નોંધાયેલ ૧૯૧૦ યુનીટ નો વીજવપરાશ, જે પ્રતિદીન ( ૧૯૧૦ યુનીટ ÷ ૪૫ દિવસો = ૪૨.૫ યુનીટ ) ૪૨.૫ યુનીટ નો વીજવપરાશ દર્શાવે છે, તે ઘોરણ, જે અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળા જુન–જુલાઈ –૧૫ ના બીલ માહે ના, ફેબ્રુઆરી–૧૫ થી જુલાઈ–૧૫ સુધી ના ૦૬ માસ ના સમયગાળા ના, નોંધાયેલ ૯૬૪૨ યુનીટ ( ૯૬૪૨ યુનીટ ÷ ૧૮૦ દિવસો = ૫૩.૫ યુનીટ) ૫૩.૫ યુનીટ ની પ્રતિનદીન સરેરાશ ની સરખામણીને તાંત્રીક રીતે સમર્થન આપે છે. તદઉપરાંત, તા.૨૯–૦૬–૧૫ ના રોજ લગાડવામા આવેલ નવા જીનસ કંપની નુ મીટર નંબરઃ ૫૭૬૧૮૫ માહે ના, બીલો અનુક્રમે (૧) માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર –૧૫ મા ૩,૯૯૪ યુનીટ (૨) માહે ડિસેમ્બર–જાન્યુઆરી –૧૬ મા ૪,૧૪૧ યુનીટ (૩) માહે એપ્રીલ – મે –૧૬ મા ૮,૬૬૧ યુનીટ ના, નવા મીટર મા નોંધાયેલ વાસ્તવિક વીજવપરાશી યુનીટ ના બીલો, જે જોડાણ ના ૧૫ હોપા ના કરારીત વીજભાર મા થતા વીજવપરાશ સરેરાશ અપાયેલ, સવાલવાળા માહે જુન–જુલાઈ –૧૫ ના – જુના મીટર મા નોંધાયેલ ૯૬૪૨ યુનીટ ને, એટલેકે અરજદાર શ્રી ના જોડાણ ના સવાલવાળા જુના મીટર ની તાંત્રીક યોગ્યતા વાળી સ્થિતી ને સમર્થન આપે છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ માહે જુન–જુલાઈ –૧૫ નુ સવાલવાળુ વીજબીલ, જે યોગ્ય હોવાને રેકર્ડ આધારીત સમર્થન મળતુ હોય, સદર વીજબીલ યોગ્ય છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ મૌખીક ચર્ચા પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં.૧.૧ મુજબ ની વિગતેની ફરીયાદ અરજી અનુસંઘાને,પીજીવીસીએલ તરફથી મુદદા નં.૨.૧ મુજબ ની વિગતે, ફરીયાદ અરજદાર શ્રી નુ જુનુ મીટર ઉતારી અને લેબોરેટરી મા ચકાસણી કરવામા આવતા, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. આમ, તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ એવા મીટર મા નોંધાયેલ છેલ્લા યુનીટ પણ જોડાણ મા વીજવપરાશ થયેલ વીજભાર અન્વયે ના જ હોય, સદર સવાલવાળુ જુનુ મીટર, જે તાંત્રીક રીતે યોગ્ય હોવાના, તાંત્રીક અને રેકર્ડ આધારીત પુરાવા, એટલેકે પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે ની, રેકર્ડ આધારીત માહિતી મુજબ, જુના મીટર ના માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૫ થી જુન–જુલાઈ –૧૫ સુધી ના સમયગાળા દરમ્યાન ના જુના મીટર મા નોંધાયેલ વીજવપરાશી યુનીટ, અને તા.૨૯–૦૬–૧૫ થી મુકવામા આવેલ નવા મીટર મા નોંધાયેલ વાસ્તવિક વીજવપરાશી યુનીટ ના વીજબીલો ની સરખામણીએ, બન્ને મીટરો ના વીજવપરાશ ના સમયગાળાઓ ની સરખામણીએ, બન્ને મીટરો મા નોંધાયેલ વીજવપરાશ મહદઅંશે સરખોજ જણાયેલ છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી નુ સવાલવાળુ મીટર ખરેખર તાંત્રીક રીતે યોગ્ય જ હોવાને, તાંત્રીક દ્રષ્ટીએ – એટલેકે લેબોરેટરી ચકાસણી દરમ્યાન, અને રેકર્ડ આધારીત દ્રષ્ટીએ – એટલેકે જોડાણ ના, માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૫ થી માહે જુન–જુલાઈ –૧૫ સુધી ના જુના મીટર ના બીલીગ ઈતીહાસ અને ઓગષ્ટ–સપ્ટેમ્બર –૧૫ થી એપ્રીલ – મે –૧૬ સુધી ના નવા મીટર ના બીલીગ ઈતીહાસ ની બાબતો નજર સમક્ષ રાખી, સરખામણી મુજબ ની નોંઘ લેતા, અરજદાર શ્રી ના જોડાણ નુ જુનુ મીટર તાંત્રીક રીતે યોગ્ય જ હોવાને પુરતુ સમર્થન મળેલ છે. જેથી, અરજદાર શ્રી ને અપાયેલ માહે જુન–જુલાઈ–૧૫ નુ ૧૧૫૫૨ યુનીટ નુ ( જુના મીટર ના ૯૬૪૨ યુનીટ અને નવા મીટર ના ૧૯૧૦ યુનીટ ) સવાલવાળુ વીજબીલ યોગ્ય હોવાનો ફોરમ કમિટી દ્વારા નિષ્કર્ષ થયેલ છે. |

મુદદા નં.–૪:

## હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેનુ, અરજદાર શ્રી ના સ્થાપન પર નુ જુનુ મીટર, જે લેબોરેટરી ચકાસણી દરમ્યાન તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ છે. તેમજ સદર જોડાણ ના, માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૫ થી માહે એપ્રીલ – મે –૧૬ સુધી ના બીલીગ ઈતીહાસ મા જણાયેલ, જુના અને નવા મીટર મા નોંધાયેલ વીજવપરાશી યુનીટ ની નોંઘણી ની, રેકર્ડ આઘારીત બાબતો પણ, સદર જુના મીટર ની તાંત્રીક યોગ્યતા ને પણ સમર્થન આપે છે. જેથી, અરજદાર ના સદર ૧૫ હોપા ના કરારીત વીજભાર વાળા ખેતીવાડી વીજજોડાણ મા અપાયેલ, સવાલવાળુ માહે જુન–જુલાઈ–૧૫ નુ ૧૧૫૫૨ યુનીટ નુ વીજબીલ યોગ્ય હોવાનો હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

(ટી.બી.ભીમાણી)
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..**